**Notification**

***Regarding***

## THE GUJARAT FREEDOM OF RELIGION RULES, 2008

**ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય નિયમો, ૨૦૦૮ હેઠળ જાહેરનામું.**

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૦૮.

**ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩.**

ક્રમાંક.જીજી-૧૪/૦૮/એસબી.૨/સીઓએલ/૨૦૦૩/એમઓએસ-૨-પાર્ટ ૧ :- ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ના ગુજરાતના ૨૨મા) ની કલમ ૮ની પેટા-કલમ(૧)થી મળેલી સત્તાની-રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.-(૧) આ નિયમો ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય નિયમો, ૨૦૦૮ કહેવાશે. (૨) તે સન ૨૦૦૮ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩;

(ખ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલ નમૂનો;

(ગ) "સરકાર" એટલે ગુજરાત સરકાર.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટની પૂર્વ-પરવાનગી માટેની અરજી.

(૧) ધાર્મિક વિધિ કરાવનાર વ્યક્તિ તરીકે કોઈ વ્યક્તિનું એક ધર્મમાંથી બીજા ધર્મમાં, આવા ધર્મપરિવર્તનની કોઈ વિધિ જાતે કરીને અથવા આવી વિધિની વ્યવસ્થા કરીને અથવા આવી વિધિમાં સીધી કે આડકતરી રીતે ભાગ લઈને, ધર્મપરિવર્તન કરાવે ત્યારે, તેણે એવા ધર્મપરિવર્તન માટે દરેક વ્યકિત માટે, જાતે અથવા મળવાપાત્ર પહોંચ સાથે રજિસ્ટર્ડ ટપાલથી, નમૂના ક માં અલગથી અરજી કરીને, હકૂમત ધરાવતાં જિલ્લા મેજિસ્ટ્રેટની પૂર્વ-પરવાનગી મેળવવી જોઈશે.

(૨) પેટા-નિયમ(૧) હેઠળ **નમૂના ક માં** કરેલી અરજી મળ્યે, જિલ્લા મેજિસ્ટ્રેટે તેના ઉપર એવી અરજી મળ્યાની તારીખ અને સમય દર્શાવતી પોતાની સહી કરવી જોઈશે. અરજી મળ્યાની પહોંચ **નમૂના ખ માં** આપવી જોઈશે.

૪. **જિલ્લા મેજિસ્ટ્રેટની પૂર્વ-પરવાનગી.-**

(૧) નિયમ ૩ના પેટા-નિયમ(૧) હેઠળ કરેલી અરજી મળ્યે, જિલ્લા મેજિસ્ટ્રેટે પોતાને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, એવી અરજી મળ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર એવી પરવાનગી આપવી જોઈશે અથવા એવી પરવાનગી આપવાનો ઈન્કાર કરવો જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટ પરવાનગી આપવાનો ઈન્કાર કરે ત્યારે, તેમણે તે માટેના કારણોની નોંધ કરવી જોઈશે. એવા ઈન્કારની જાણ, અરજી મળ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર અરજદારને કરવી જોઈશે.

(૩) પેટા-નિયમ(૨) હેઠળની અરજીનો ઈન્કાર કરવામાં આવ્યો હોય અને અરજદારને યોગ્ય રીતે તેની જાણ કરવામાં આવી હોય અથવા અન્યથા, જે કોઈ અધિનિયમની અને/ અથવા નિયમ ૩ના પેટા-નિયમ(૧) હેઠળની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે, ત્યારે તે, અધિનિયમની જોગવાઈઓ હેઠળ શિક્ષાપાત્ર ગુના બદલ ફોજદારી કામને પાત્ર થશે.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ ઇન્સ્પેક્ટરથી ઉતરતો દરજ્જો ધરાવતા ન હોય તેવા અધિકારીને, આ અધિનિયમ હેઠળના શિક્ષાપાત્ર ગુનાની તપાસણી અને તપાસ માટે અધિકૃત કરી શકશે અને ગુનેગાર પર ફોજદારી કામ ચલાવવા માટે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને અધિકૃત કરી શકશે.

૫. **બીજા ધર્મમાં ધર્મપરિવર્તન માટે જિલ્લા મેજિસ્ટ્રેટને જાણ કરવા બાબત:-**

(૧) જે વ્યકિતએ ધર્મપરિવર્તન કર્યું હોય તેણે, અથવા યથાપ્રસંગ, એવી વ્યકિતના વાલી અથવા માતાપિતાએ, નમૂના ગમાં એવા ધર્મપરિવર્તનની જાણ હકૂમત ધરાવતાં જિલ્લા મેજિસ્ટ્રેટને, એવા ધર્મપરિવર્તનની વિધિની તારીખથી દસ દિવસની અંદર, જાતે અથવા મળવાપાત્ર પહોંચ સાથે રજિસ્ટર્ડ ટપાલથી, કરવી જોઇએ.

(૨) જે વ્યકિતનું બીજા ધર્મમાં ધર્મપરિવર્તન કરવામાં આવ્યું હોય તે વ્યકિત તરફથી નમૂના ગમાં પેટા-નિયમ(૧) હેઠળની જાણ મળ્યે, જિલ્લા મેજિસ્ટ્રેટે એવી જાણ મળ્યાની તારીખ અને સમય દર્શાવતી પોતાની સહી તેના ઉપર કરવી જોઇશે; એવી જાણ મળ્યા અંગેની પહોંચ, નમૂના ઘમાં આપવી જોઇશે.

(૩) જે કોઇ વ્યકિત, અધિનિયમ અને/અથવા નિયમ પની જોગવાઇઓનું પૂરતાં કારણ વિના પાલન ન કરે અથવા ઉલ્લંઘન કરે, તો તે, અધિનિયમની જોગવાઇઓ હેઠળના શિક્ષાપાત્ર ગુના બદલ ફોજદારી કામને પાત્ર થશે. જિલ્લા મેજિસ્ટ્રેટ, ગુનેગાર પર ફોજદારી કામ ચલાવવા માટે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને, અધિકૃત કરી શકશે.

૬. **રજિસ્ટરની નિભાવણી.-** જિલ્લા મેજિસ્ટ્રેટે, ધર્મપરિવર્તનનું રજિસ્ટર **નમૂના ચમાં** નિભાવવું જોઇશે અને તેમને મળેલી જાણની વિગતો તેમાં દાખલ કરવી જોઇશે.

૭. **રાજય સરકારને રિપોર્ટ રજૂ કરવા બાબત.-** જિલ્લા મેજિસ્ટ્રેટે, સરકારને અરજીઓ, જાણ, પરવાનગી આપ્યાની/ તેના ઇન્કારની વિગતો અને તેમાં જણાવવામાં આવી હોય તેવી બીજી વિગતોને લગતો ત્રિમાસિક રિપોર્ટ નમૂના છમાં મોકલવો જોઇશે.

પરિશિષ્ટ

નમૂનો ક

(જુઓ નિયમ ૩ નો પેટા-નિયમ(૧))

**બીજા ધર્મમાં ધર્મપરિવર્તન માટે પૂર્વ પરવાનગી લેવા માટેની અરજી**

પ્રતિ:

જિલ્લા મેજિસ્ટ્રેટ,

........................જિલ્લો.

શ્રીમાન,

હું, ધર્મગુરૂ તરીકે, ............................ના રહેવાસી ..................................ના પુત્ર/પત્નિ/દિકરી, શ્રી/ શ્રીમતી/ કુમારી ........................................................................ ના..................................................

ધર્મમાંથી ...........................ધર્મમાં ધર્મપરિવર્તનની વિધિ કરવાની દરખાસ્ત /ધર્મપરિવર્તનની વિધિમાં ભાગ લેવાની દરખાસ્ત કરું છું. અને આથી, ગુજરાત ધર્મસ્વાતંત્ર્ય નિયમો, ૨૦૦૮ના નિયમ ૩ હેઠળ ફરમાવ્યા પ્રમાણે ધર્મપરિવર્તન માટે પૂર્વ પરવાનગી આપવા વિનંતી કરું છું. સદરહુ હેતુ માટે હું નીચેની વિગતો રજૂ કરું છું:-

૧. ધર્મપરિવર્તન કરનાર વ્યકિતનું નામ અને પૂરું સરનામું

૨. ધર્મપરિવર્તન કરનાર વ્યકિતના માતા-પિતાનું નામ અને પૂરું સરનામું.

૩. ઊંમર

૪. સગીરના કિસ્સામાં, વાલીનું નામ અને પૂરું સરનામું.

૫. જાતિ

૬. અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના છે કે કેમ.

૭. પરિણીત છે કે અપરિણીત

૮. પરિણીત હોય તો જીવનસાથી(ઓ)ના નામ અને તેનું/તેણીનું/તેમના સરનામું/સરનામા.

૯. ધર્મપરિવર્તન કરનાર વ્યક્તિનો વ્યવસાય અને માસિક આવક

૧૦. ધર્મપરિવર્તન કરનાર વ્યક્તિ, પોતે જે ધર્મનો ત્યાગ કરવા ધારે છે, તેનું કેટલા સમયથી પાલન કરી રહી છે.

૧૧. ધર્મપરિવર્તન માટેના કારણો.

૧૨. ધર્મપરિવર્તનની વિધિ જ્યાં થશે તે સ્થળનું નામ અને સરનામું.

૧૩. ધર્મપરિવર્તનની તારીખ અને સમય.

૧૪. ધર્મપરિવર્તનની વિધિ કરાવનાર ધર્મગુરુનું નામ અને સરનામું.

૧૫. ધર્મપરિવર્તનની વિધિમાં ભાગ લેનાર વ્યક્તિ/વ્યક્તિઓના નામ/નામો અને રહેઠાણના સરનામાની પૂર્ણ વિગતો/ માહિતી.

તારીખ:

સ્થળ:

ધર્મગુરુ/
ધર્મપરિવર્તનની વિધિમાં
ભાગ લેવાની હોય તેવી વ્યક્તિની સહી

નમૂનો ખ

(જુઓ નિયમ ૩ નો પેટા-નિયમ(૨))

**પહોંચ**

............................................ના રહેવાસી શ્રી............................................
........................................................... ના પુત્ર/પત્નિ/દિકરી, શ્રી/શ્રીમતી/કુમારી ........................................, તરફથી
............................... ના રહેવાસી શ્રી..............................................................ના પુત્ર/પત્નિ/દિકરી, શ્રી/શ્રીમતી/ કુમારી ..........................................................ના..................ધર્મમાંથી...........................ધર્મમાં ધર્મપરિવર્તન માટે ગુજરાત ધર્મસ્વાતંત્ર્ય નિયમો, ૨૦૦૮ના નિયમ ૩ ના પેટા-નિયમ(૧) હેઠળ પૂર્વ પરવાનગી માટેની અરજી મળી છે.

તારીખ:

સ્થળ:

જિલ્લા મેજિસ્ટ્રેટ
..........જિલ્લો.

કચેરીનું
સીલ

નમૂનો ગ

(જુઓ નિયમ ૫ નો પેટા-નિયમ(૧))

**એક ધર્મમાંથી બીજા ધર્મમાં ધર્મપરિવર્તન સંબંધી જાણ**

પ્રતિ:

જિલ્લા મેજિસ્ટ્રેટ,

..........................જિલ્લો.

શ્રીમાન,

મેં, નીચે સહી કરનારે, ........................ધર્મમાંથી ................................ ધર્મમાં ધર્મ પરિવર્તન કરેલ હોવાથી, ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય નિયમો, ૨૦૦૮ના નિયમ ૫ના પેટા-નિયમ(૧)હેઠળ ફરમાવ્યા પ્રમાણે આથી ધર્મ પરિવર્તનની નીચે પ્રમાણે જાણ કરું છું.

૧. ધર્મપરિવર્તન કરેલ વ્યક્તિનું નામ અને સરનામું

૨. ધર્મપરિવર્તન કરેલ વ્યક્તિના માતા-પિતાનું નામ અને સરનામું.

૩. ઊંમર

૪. જાતિ

૫. સગીરના કિસ્સામાં, વાલીનું નામ અને પૂરું સરનામું.

૬. અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના છે કે કેમ.

૭. પરિણીત છે કે અપરિણીત

૮. પરિણીત હોય તો જીવનસાથી(ઓ)ના નામ અને તેણીનું/તેમનું સરનામું/સરનામા.

૯. ધર્મપરિવર્તન કરેલ વ્યક્તિનો વ્યવસાય અને માસિક આવક

૧૦. ધર્મપરિવર્તન કરેલ વ્યક્તિ, પોતે જે ધર્મનો ત્યાગ કર્યો છે, તેનું કેટલા સમયથી પાલન કરી રહી હતી.

૧૧. ધર્મપરિવર્તન માટેના કારણો.

૧૨. ધર્મપરિવર્તનની વિધિ જયાં કરવામાં આવી હોય તે સ્થળનું નામ અને સરનામું.

૧૩. ધર્મપરિવર્તનની તારીખ અને સમય.

૧૪. ધર્મપરિવર્તનની વિધિ કરાવનાર ધર્મગુરૂનું નામ અને સરનામું.

૧૫. ધર્મપરિવર્તનની વિધિમાં ભાગ લેનાર વ્યક્તિ/વ્યક્તિઓના નામ/નામો અને રહેઠાણનું સરનામું/રહેઠાણના સરનામા.

તારીખ:

સ્થળ:

ધર્મપરિવર્તન કરેલી વ્યક્તિ અથવા સગીરના
કિસ્સામાં માતા-પિતા/વાલીની સહી

### નમૂનો ઘ

(જુઓ નિયમ ૫ નો પેટા-નિયમ(૨))

### પહોંચ

..............................ના રહેવાસી શ્રી..................................................ના પુત્ર/પત્નિ/દિકરી, શ્રી/શ્રીમતી/કુમારી ......................................, તરફથી , તેના/તેણીના ...................... ધર્મમાંથી ...............................ધર્મમાં ધર્મપરિવર્તન સંબંધી, ગુજરાત ધર્મસ્વાતંત્ર્ય નિયમો, ૨૦૦૮ના નિયમ ૫ ના પેટા-નિયમ(૧) હેઠળ આપેલ જાણ મળી છે.

તારીખ: જિલ્લા મેજિસ્ટ્રેટ

સ્થળ: ..........જિલ્લો.

કચેરીનું
સીલ

### નમૂનો ચ

(જુઓ નિયમ ૬)

### બીજા ધર્મમાં ધર્મપરિવર્તન કરવાનું રજિસ્ટર

૧. ધર્મપરિવર્તન કરવાનું હોય તે (ધર્મપરિવર્તન કરનાર) વ્યક્તિનું નામ અને સરનામું.

૨. ધર્મપરિવર્તન કરવાનું હોય તે (ધર્મપરિવર્તન કરનાર) વ્યક્તિના માતા-પિતાનું નામ અને સરનામું.

૩. ઉંમર.

૪. સગીરના કિસ્સામાં, વાલીનું નામ અને પૂરું સરનામું.

૫. જાતિ.

૬. અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિના છે ?

૭. પરિણીત છે કે અપરિણીત?

૮. પરિણીત હોય તો, પતિ અથવા પત્નીનું પૂરું નામ/પતિ અથવા પત્નીઓના પૂરા નામ અને તેણીનું સરનામું/તેમનાં સરનામાં.

૯. ધર્મપરિવર્તન કરવાનું હોય તે (ધર્મપરિવર્તન કરનાર) વ્યક્તિનો વ્યવસાય અને માસિક આવક.

૧૦. ધર્મપરિવર્તન કરવાનું હોય તે (ધર્મપરિવર્તન કરનાર) વ્યક્તિ જે ધર્મનો ત્યાગ કરવા માંગે છે તે ધર્મનું તે/તેણી કેટલા સમયથી પાલન કરે છે?

૧૧. ધર્મપરિવર્તન કરવા માટેનાં કારણો.

૧૨. ધર્મપરિવર્તનની વિધિ જ્યાં કરવામાં આવશે અથવા ધર્મપરિવર્તનની વિધિ જ્યાં કરવામાં આવી હોય તે સ્થળનું નામ.

૧૩. ધર્મપરિવર્તન કર્યાની તારીખ અને સમય.

૧૪. ધર્મપરિવર્તનની વિધિ જે કરાવશે અથવા જેણે કરાવેલ હોય તે ધાર્મિક વિધિ કરાવનાર વ્યક્તિનું નામ અને સરનામું.

૧૫. ધર્મપરિવર્તનની વિધિમાં ભાગ લેવાની હોય તે વ્યક્તિનું/વ્યક્તિઓના નામ/નામો અને સરનામું/ સરનામાં.

૧૬. નિયમ ૩ના પેટા-નિયમ (૧) હેઠળ કરવામાં આવેલી પરવાનગી આપવા માટેની અરજી મંજૂર કરવામાં આવી છે કે નામંજૂર કરવામાં આવી છે?

૧૭. નામંજૂર કરવામાં આવી હોય, તો તેના કારણો, સંક્ષિપ્તમાં.

૧૮. નિયમ ૫ના પેટા-નિયમ (૧) હેઠળ ફરમાવ્યા પ્રમાણે ધર્મપરિવર્તનની જાણ કરવામાં આવેલ છે કે કેમ?

તારીખ: જિલ્લા મેજિસ્ટ્રેટ

સ્થળ: ______ જિલ્લો

(કચેરીનું સીલ)

નમૂનો ૭

(જુઓ નિયમ ૭)

**બીજા ધર્મમાં ધર્મપરિવર્તન માટે પૂર્વ પરવાનગી મેળવવા માટેની અરજીઓને લગતો ______ (તારીખ) સુધીનો ત્રિમાસિક રિપોર્ટ**

૧. છેલ્લા ત્રિમાસને અંતે અનિર્ણિત રહેલી પૂર્વ પરવાનગી માટેની અરજીઓની સંખ્યા.

૨. ત્રિમાસ દરમિયાન મળેલી પૂર્વ પરવાનગી માટેની અરજીઓની સંખ્યા.

૩. પૂર્વ પરવાનગી આપવામાં આવી હોય તે અરજીઓની સંખ્યા.

૪. પૂર્વ પરવાનગી આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હોય તે અરજીઓની સંખ્યા અને તેના કારણો.

૫. અરજીઓ મળ્યાની તારીખથી એક મહિનાની ઠરાવેલી સમયમર્યાદાની અંદર અરજીનો નિકાલ ન થવાના કારણે પરવાનગી આપવામાં આવેલ હોવાનું માનવામાં આવ્યું હોય તેવા કિસ્સાઓની સંખ્યા.

૬. પૂર્વ પરવાનગી આપવામાં આવેલ ન હોય તેવા ઉપરના અનુક્રમાંક ૫માં ઉલ્લેખેલા દરેક કિસ્સા માટેના કારણો. (આવા દરેક કિસ્સા માટે અલગ કાગળ જોડવો.)

૭. ધર્મપરિવર્તન કરવામાં આવ્યું હોય તે વ્યક્તિ તરફથી ત્રિમાસ દરમિયાન જાણ કરવામાં આવેલી હોય તેવા કિસ્સાઓની સંખ્યા.

૮. ધર્મપરિવર્તન કરવામાં આવ્યું હોય તે વ્યક્તિ તરફથી ઠરાવેલી સમયમર્યાદા પછી જાણ કરવામાં આવેલી હોય તેવા કિસ્સાઓની સંખ્યા.

૯. પૂર્વ પરવાનગી મેળવવામાં આવી ન હોય અથવા ધર્મપરિવર્તન કરવામાં આવ્યું હોય તે વ્યક્તિ તરફથી ધર્મપરિવર્તનની જાણ કરવામાં આવી ન હોય તેવા ધ્યાન ઉપર આવેલા કિસ્સાઓની સંખ્યા.

૧૦. આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય તેવા કિસ્સાઓની સંખ્યા.

૧૧. ફોજદારી કામની મંજૂરી આપવામાં આવી હોય અને ફોજદારી કામ શરૂ કરવામાં આવ્યું હોય તેવા કિસ્સાઓની સંખ્યા.

તારીખ: જિલ્લા મેજિસ્ટ્રેટ

સ્થળ: ______ જિલ્લો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**પી. એન. પટેલ,**
સરકારના અધિક સચિવ,
ગૃહ વિભાગ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.